# ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના ૨૦ કેસ

## શહેરમાં કોરોનાના સતત બીજે દિવસે ૧૪ કેસ નોંધાયા

**શહેરમાં પી.ડી.પી.યુ.માં ૩, આઈઆઈટી પાલજમાં ૨, ઘ-૫ની ઝુંપડપટ્ટીમાં ૩, કુડાસણ, સુઘડ, સરગાસણ, સે. ૨૭, સે. ૪ અને સે. ૨ માં એક-એક કેસ નોંધાયો**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં આજે કોરનાના ૧૪ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૮૯ થઈ છે. શહેરમાં સતત બીજે દિવસે ૧૪ કેસ મળી આવતાં તંત્ર આખો દિવસ દોડતુ રહ્યુ હતુ.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૭ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાંથી ૩ દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં આજે પી.ડી.પી.યુ. કોલેજમાં ૩, આઈ.આઈ.ટી. પાલજમાં ૨ કેસ, સુઘડમાં ૧, ઘ-૫ની ઝુંપડપટ્ટીમાં ૩, કુડાસણ-સરગાસણ, સે. ૨૭, સે. ૪, સે. ૨ માં એક-એક કેસ નોંધાયો છે.

ગાંધીનગર શહેરમાં જે ગતિએ કોરોનાના કેસો મળી આવ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા કેસોમાં પણ યુવા દર્દીઓની સંખ્યા વધુ છે. શહેરમાં નોંધાયેલા કેસોમાં દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી સાથે આવી રહી છે. આજે નોંધાયેલા દર્દીઓ ૧૫૦ થી વધુ લોકોના સંપર્કમાં આવ્યા હોવાની વાતો પણ જાણવા મળી છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રએ ટેસ્ટીંગમાં પણ વધારો કર્યો છે. તંત્ર દ્વારા દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે.

સુઘડમાં એક ૬૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે આ મહિલા લગ્ન સમારોહમાં હાજરી આપવા માટે મુંબઈ ગઈ હતી અને ૨૯મીએ જ પરત આવી છે.

ઘ-૫ નજીક આવેલા છાપરામાં રહેતા ત્રણ શ્રમિકોના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આ ત્રણેય શ્રમિકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ શ્રમિકો ૨૬મી ડિસેમ્બરથી રોજગારી માટે આવ્યા છે અને શહેરમાં ચાલતા વિવિધ કામો પર કામ કરી રોજગારી મેળવી રહ્યા હતા.

કુડાસણમાં એક ૧૭ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વિદ્યાર્થી નિયમિત રીતે તેની સ્કૂલે જતો હતો ત્યાં કોઈ પોઝીટીવના સંપર્કમાં આવતાં તે સંક્રમિત થયો હોવાનું જાણવા મળેલ છે.

સરગાસણમાંથી એક ૩૧ વર્ષીય કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા ૩૦મીએ કચ્છના અંજારથી પરત ફરી હોવાનું જાણવા મળેલ છે.

આઈઆઈટી પાલજમાં બે કેસ આજે નોંધાયા છે. એક વિદ્યાર્થી બિહારથી અહિ આવ્યો છે. તે ગઈકાલે જ આઈઆઈટી પાલજ ખાતે આવ્યો છે અને તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વિદ્યાર્થીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૬ કેસ સાથે કુલ કેસની સંખ્યા ૪૩ થઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૬ કેસ નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૪૩ થઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૪ કેસ ગાંધીનગર તાલુકામાં અને બે કેસ કલોલ તાલુકામાં નોંધાયા છે. ગાંધીનગર અને કલોલમાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા કેસોમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

**અડાલજમાં વધુ બે કેસ નોંધાયા : ગાંધીનગર તાલુકામાં ૪ અને કલોલમાં બે કેસ નોંધાયા : તંત્રએ સઘન સર્વેલન્સ શરૂ કરી દીધુ છે તેમજ ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કર્યો છે**

ગાંધીનગર શહેર નજીક આવેલ મિલીટ્રી સ્ટેશનમાં કોરોનાનો વધુ એક કેસ મળી આવેલ છે.

પીંપળજ ગામે એક ૫૪ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી તેના વિવિધ કામો માટે અમદાવાદ જતો આવતો હોવાનું જાણવા મળેલ છે.

બીજી લ્હેરમાં સંવેદનશીલ બનેલ અડાલજમાં આજે વધુ બે કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા આ બે કેસ સાથે અડાલજમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૦ના અંકને પાર કરી ગઈ છે. ગઈકાલે ૬ કેસ અડાલજમાંથી મળ્યા હતા.

અડાલજમાં એક ૭૦ વર્ષીય દંપત્તિ કોરોનાથી સંક્રમિત થયાનું જાણવા મળેલ છે. આ દંપત્તિએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કલોલ તાલુકામાં ધાનજ ગામે એક ૨૪ વર્ષીય યુવા વેપારી સંક્રમિત થયો છે. તો કલોલ તાલુકાના નાંદોલી ગામે રહેતી અને ખાનગી નોકરી કરતી ૪૩ વર્ષીય મહિલા સંક્રમિત થઈ છે. આ મહિલાએ તાજેતરમાં મુંબઈની મુલાકાત લીધી હોવાની વાત જાણવા મળેલ છે.

જિલ્લામાં આજે ૩૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. તંત્રએ ૯૭૯ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે.

ગ્રામ્ય વિસ્તારમાં પણ દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમો તેમજ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે માટે સૂચનાઓ આપી છે.

તંત્રએ સઘન સર્વેલન્સ શરૂ કરી દીધુ છે તેમજ ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કર્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેથી તંત્રએ સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી માટે પણ સૂચનાઓ આપી છે.

કોરોનાના વધતા કેસ સામે ગ્રામ્ય વિસ્તારમાં કોરોના સામે જાગૃતિ લાવવાના પ્રયાસો આરંભાયા છે. કેટલાય ગામોમાં હજુ માસ્ક બાંધવાથી ગ્રામજનો દૂર રહે છે. તેમને સમજાવવા સરપંચોને અને તલાટીને સૂચનાઓ અપાઈ છે. બીજી લહેરમાં ગ્રામીણ વિસ્તારમાં ભારે કાળો કહેર વર્તાયો હતો.




કાઉન્ટ-ડાઉન : આગામી સોમવારથી ત્રિદિવસીય વાયબ્રન્ટ ગુજરાત સમિટનો ધામધૂમથી પ્રારંભ થઈ રહ્યો છે... તૈયારીઓને આખરી ઓપ આપવા તંત્ર ખડેપગે કાર્યરત બન્યું છે... શહેરના ચ અને ઘ માર્ગને ચકાચક બનાવાઈ રહ્યા છે... સેન્ટ્રલવર્જને રંગરોગાન રાતદિવસ ચાલી રહ્યું છે... એક જ વાક્યમાં કહેવું હોય તો નવા ગાંધીનગરને નવવધૂની જેમ સુશોભિત કરાઈ રહ્યું છે... દર ત્રણ વર્ષે યોજાતી સમિટ ગાંધીનગરના રૂપ-રંગમાં ઔર વધારો કરે છે... અને એ જ ગાંધીનગરની શોભા છે અને એજ ગાંધીનગરનું ગૌરવ છે...

## શહેરના મુખ્યમાર્ગો આસપાસ નવા રોપોઓમાં રંગબેરંગી ફુલ નિખરશે

**વાઇબ્રન્ટ દરમિયાન મુખ્યમાર્ગોની શોભા વધે તે માટે લાઇટીંગની સાથે વૃક્ષોને ગેરુકલર અને રોશનીથી સુશોભિત કરાશે : મુખ્યમાર્ગોની આસપાસ આકર્ષક રોપાઓ સાથે કુંડા પણ મુકવામાં આવશે**

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે નગરને વાઈબ્રન્ટ લુક આપવાની કામગીરી પણ અંતિમ તબક્કામાં ચાલી રહી છે. શહેરના મુખ્યમાર્ગો પર ઠેર ઠેર રંગરોગાન કરવામાં આવી રહ્યુ છે. નગરના મુખ્યમાર્ગો પર સેન્ટ્રલ વર્જમાં ગ્રીલને કલર કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત માર્ગોની આસપાસ વન આરક્ષિત વિસ્તારમાં નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવી છે. વન આરક્ષિત વિસ્તારમાં નવા રોપાઓની વાવણી સહીત કેટલાક ઠેકાણે સુશોભિત કુંડાઓ પણ મુકવાનુ પણ આયોજન કરાયુ છે.



ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટનો અનુલક્ષી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. શહેરના મુખ્યમાર્ગો પર રંગોરોગાન કરવામાં આવી રહ્યુ છે. મુખ્યમાર્ગો આસપાસ સ્થિત સેન્ટ્રલ વર્જમાં કલરકામ તેમજ સફાઈ કરવામાં આવી રહી છે. સેન્ટ્રલ વર્જમાં કેટલાક ઠેકાણે ગાબડા પડી ગયા હતા. જયારે આ ગાબડા પુરવાનુ કામ પણ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. સેન્ટ્રલ વર્જમાં લાંબા સમયથી સફાઈ કામ હાથ ધરવામાં આવ્યુ ન હતુ જેના લીધે ઠેર ઠેર ગંદકીના ઢગ ખડકાયા હતા આ ઉપરાંત કેટલાક ઠેકાણે સેન્ટ્રલ વર્જની દિવાલમાં પણ ગાબડા પડયા હતા જેને અનુલક્ષી ફુટપાથની સાથે સેન્ટ્રલ વર્જ ફરતેની વોલનુ પણ રીપેરીંગ કરી ગાબડા દુર કરવામાં આવી રહ્યા છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારની

● અનુસંધાન પાન-૭ પર

## ૧૫ થી ૧૮ વયજૂથના વિદ્યાર્થીઓ માટે આજથી કોરોના વેક્સિનેશન અભિયાન

**જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭૨ હજાર અને શહેરમાં ૨૦ હજાર વિદ્યાર્થીઓને આવરી લેવાશે : આજે મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી અને રાજ્ય આરોગ્ય મંત્રી પણ આ અભિયાનમાં જોડાઈને વિદ્યાર્થીઓને પ્રેરક બળ આપશે**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં આજથી ૧૫ થી ૧૮ વર્ષની વયજૂથના યુવાનોને વેક્સિનેશન આપવાની કામગીરીનો આરંભ થશે. જિલ્લામાં ૯૨ હજાર વિદ્યાર્થીઓને આ વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં ૨૦ હજાર વિદ્યાર્થીઓ અને જિલ્લામાં ૭૨ હજાર વિદ્યાર્થીઓને આ અભિયાનમાં આવરી લેવા માટે તંત્રએ રોડમેપ તૈયાર કરી દીધો છે.

ગાંધીનગર શહેરમાં સવારે નવ વાગ્યે જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી ઉપસ્થિત રહી વેક્સિનેશનનો આરંભ કરાવશે.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સવારે ૧૧ વાગે જીડીએમ કોબાવાલા હાઈસ્કૂલ કોબા હાઈવે ખાતે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને વેક્સિનેશન માટે પ્રેરણા આપશે. રાજ્યકક્ષાના આરોગ્યમંત્રી નિમિષાબેન સુથાર છાલા હાઈસ્કૂલ ખાતે વેક્સિનેશન અભિયાનમાં હાજરી આપશે. વેક્સિનેશન અભિયાન માટે તંત્રએ તમામ તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે.

૩ થી ૬ જાન્યુઆરી દરમ્યાન આ વેક્સિનેશન અભિયાન ચાલશે. ૭મીએ વેક્સિનેશનનું મહા અભિયાન યોજાશે અને જરૂર પડ્યે ૮ થી ૯ જાન્યુઆરી દરમ્યાન ખાસ નાઈટ સેશનો કરીને પણ ૧૦૦ ટકા લક્ષ્યાંકની કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાન હાલ જે ચાલી રહ્યુ છે તેમાં ૧૮ થી ઉપરની વયના લોકોને આવરી લેવામાં આવ્યા છે. આ અભિયાનમાં ૯૫ ટકા જેટલી કામગીરી સંપન્ન થઈ ગઈ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૮,૩૮,૮૫૪ લાભાર્થીઓને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૮,૨૩,૯૫૬ લાબાર્થીઓને વેક્સિનના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે. શહેરમાં ૩,૭૮,૭૧૩ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૨,૮૫,૨૯૯ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

વિદ્યાર્થીઓ માટે આજથી આ અભિયાનનો આરંભ થઈ રહ્યો છે અને એક સપ્તાહમાં જ તમામ ૧૫ થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓને આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું આ સૂત્રોએ કહ્યુ છે.

## સેક્ટર-૨૧ વાસ્તુનિર્માણ સોસાયટીમાં ગટરનુ દુષિત પાણી ઉભરાતા સ્થાનિકો તોબા

ગાંધીનગર તા ૨

ગાંધીનગરના સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદો સતત ઉઠતી રહે છે. શહેરમાં એકબાજુ નવી ગટર લાઈન નાંખવા માટે પણ આયોજન કરી દેવાયુ છે ત્યારે સેકટરોમાં ગટરોના દુષિત પાણી બેક મારતા હોવાનો આક્રોશ પણ વધ્યો છે. સે-૨૧ વાસ્તુનિર્માણ સોસાયટીમાં લાંબા સમયથી ગટરો ઉભરાતી હોવાની ફરિયાદોના લીધે સ્થાનિકો આગબબુલા બન્યા છે.

ગાંધીનગરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા હજુ યથાવત છે. એકબાજુ દાયકાઓ જુની સાંકડી લાઈન બદલવા માટે ટુંકમાં કામગીરી શરૂ કરવામાં આવનાર છે. ત્યારે બીજીતરફ ગટર લાઈનનો પ્રશ્ન હાલની સ્થિતિએ સેકટરોમાં જટીલ બન્યો છે. સેકટરોમાં સમયાંતરે ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો સ્થાનિકો માટે આક્રોશનુ કારણ બને છે. સેકટરોમાં ગટર લાઈન ઉભરાતા વારંવાર દુષિત પાણીનો ભરાવો થાય છે. ત્યારે તંત્ર કક્ષાએથી પણ અપુરતા મેન પાવર અને મશીનરી સાથે ફરિયાદો નિવારવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. પરંતુ સેકટરની હાલની વસતી અને વિકાસ મુજબ લાઈનની ક્ષમતા પર્યાપ્ત નથી. ઘણાં ઠેકાણે ગટર લાઈનની ચેમ્બરમાં જ વારંવાર ભંગાણ થતા લાઈન રીપેરીંગનુ કામ હાથ ધરવાનુ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન નાથુભાઈ ચૌધરીનું દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન અને દહેગામ તાલુકા ભાજપના આગેવાન નાથુભાઈ ચૌધરીનું આજે વ્હેલી સવારે હૃદયરોગના હુમલાથી દુ:ખદ અવસાન થતાં સમગ્ર તાલુકામાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

સ્વ. નાથુભાઈ ચૌધરીની આજે તેમના ગામ વાણસા ચૌધરી ખાતે નીકળેલી અંતિમ યાત્રામાં સામાજિક-રાજકીય આગેવાનો, વેપારી આગેવાનો તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

તેઓ જિલ્લા પંચાયતની હાલીસા બેઠક પરથી વિજયી થયા હતા અને જિલ્લા પંચાયતની મહત્વની શિક્ષણ સમિતિના ચેરમેનપદે નિયુક્ત થયા હતા. અભ્યાસુ તેમજ સાલસ સ્વભાવ ધરાવતા નાથુભાઈએ પંચાયત સંકુલમાં અને તેમના વિસ્તારમાં આગવી ઓળખ ઉભી કરી હતી.

સ્વ. નાથુભાઈ ચૌધરીના દુ:ખદ અવસાન અંગે જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે દુ:ખની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ આપતાં જણાવ્યું છે કે તેઓ સહૃદયી કાર્યકર હતા તેમના જવાથી ભાજપને અને તેમના પરિવારને મોટી ખોટ પડી છે. સદાય હસતા રહેતા નાથુકાકા આમ જતા રહેશે તેની કલ્પના પણ નહોતી. તેઓ પંચાયતમાં દરેક



સભ્યની સાથે ખભેખભો મિલાવી કામ કરતા હતા.

જિલ્લા ભાજપ પ્રમુખ અનિલભાઈ પટેલ, પૂર્વ મહામંત્રી આઈ.બી. વાઘેલા, જિલ્લા પ્રભારી હર્ષદભાઈ પટેલ, પંકજભાઈ ચૌધરીએ પણ દુ:ખની લાગણઈ વ્યક્ત કરી નાથુભાઈના પરિવાર પર આવી પડેલા દુ:ખને સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com